છપનીયાની ઝાળ. ૭૩૯૮

(સુધારેલી આવૃત્તિ ત્રીજી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર–ભગવાનદાસ દેવશીભાઇ ઠકર.

તથા મુ. ભાવનગર.

ઠકર માવજી જીવરાજ વરસડાવાળા.

દોહરો.

છપ્પન્ન કેરી સાલમાં, ઉપન્યો કાળો કેર;
હાહાકાર હુવો તદા, મેઘે ન કીધી મેર.

અમદાવાદ

ધીકાંટે–કંદોઇની વાડીના મેડાઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી.

કીંમત રૂ ૦-૧-૦

છપનીયાની ઝાળ.

શીખરણી છંદ.

અરેરે આતે શો, જુલમ છપ્પન માંહે થયો;
અરેરે સહુનો શું ગજબ! બીજો ભવ થયો.
અરે આ ધાકારી, મનન થકી જાશે નવ સહ્યો;
હજારોની હાની, હર હર ન એકે જીવ રહ્યો.

સિતાજીના મહિનાનો—રાહ.

આવી ~~છપ્પન કેરી સાલ~~, કે વાલ જતું રહ્યું;
નવ રહ્યું મોઢાનું નુર, બળે છે અતી હૈયું. ૧
ગયું પંચાવનનું સુખ, અચાનક આ સમે;
નવ રહે દયાળુ કોઇ, જોઈ દુઃખ આ સમે. ૨
બહુ ગરીબ તણો પોકાર, ઠારોઠાર ઉઠતાં;
કઇક અન્ન વિનાનાં બાળ, ભૂખે શીર કુટતાં. ૩
નવ રહે કોઇની ધીર, ગાયુના ત્રાસથી;
ઘાસ વિના ગયા સ્વર્ગે પ્રાણ, કહું હવે શું કથી. ૪
મેઘરાજની મેર ન થાય, તેમાં શું સહુ કરે;
કદી દયા કરે મેઘરાજ, તો તો ગાયો ઉગરે, ૫
અન્ન વિના આ ઘડી નાથ, રેવાએ છે ખરૂં;
પણ પાણી વીના જીવ જાય બદુંછું ખરેખરૂં. ૬

લલીત છંદ.

ત્રાહ્ય ત્રાહ્યની તાળીઓ પડે, રાંક તો બહુ રસ્તામાં રડે;
ગાય ભેંસ તો ગામમાં બહુ, ઘાસ તો વીના ડોલતી સહુ.

ઢાર ઢાર તો પંડ પાડતી, ભૂખથી દુખી મૂખ ફાડતી;
સીમમાં બહુ ઢોર જઇ ફર્યાં, ભૂખનાં દુઃખે સ્વર્ગે પરવર્યાં.
પ્રભુ પ્રભુ પ્રભુ શું હવે થશે, આ અતિ દુઃખો જોયા કેમ જશે;
બાળકો દુઃખી રાંકના અતી, અન્ન તો વિના ધીરતાં નથી,
મેલી બાળકો રાંક ચાલીયાં, છોકરાં તણી છોડીને દયા;
માતના વિના બાળકો રડે, ત્રાહ્ય ત્રાહ્યની તાળીઓ પડે;
માઝનો અતી સાહ્યતા કરે, પણ રાંકનું પુરૂં નાં પડે,
ગામમાં બહુ ભીક્ષુકો ફરે; અન્ન તેહને કયાંઇથી નવ મળે.
ભૂખનાં દુઃખે ભોંયપર પડે, નરમ નાડીએ ટાંગા તરફડે;
કોઇ અન્ન દો મુખથી ઓચરે, ત્રાહ્ય ત્રાહ્યની તાળીઓ પડે.

ભેખરે ઉતારો રાજા ભરથરી એ--રાહ.

પંચ વાયકા પુરી થઇ, કાઢેલ પ્રથમના બોલજી,
છપને તો પાટા પાડીયા, તેનો દીધો આ કોલજી—પંચ.
સોનું રૂપું સોંઘું થયું, મોંઘું નાણાનું કામજી,
માણસો ગરીબો વિચારમાં, પૈસાદારોને હામજી.—પંચ.
વેચવા જતાં મન થરથરે, મહા મેનતથી મેળવ્યુંજી;
તો છપને નંખોદ કાઢીયું, કામ કારમુંક ભેળવ્યુંજી.—પંચ.
કંઇક સ્થાનક છોડી ચાલીયા, ગયા દેશ વિદેશજી;
કંઇક ગામ ખાલી થયાં, નવ લાગ્યો ઉપદેશજી.—પંચ.
નવ ગ્રહ નરભે થઇ રહ્યા, સાતે સામટા આવ્યાજી;
પ્રથમ પાણી વરસાવતાં, પછે આંખે નીર લાવ્યાજી.—પંચ.
શનીનો વક્ર થતાંય પણ, ગર્ભ ગળી ગયો જાણોજી;
અનુરાધા અવળી થઇ, પાણી ન આવ્યું પરમાણોજી.—પંચ.

મરશીયાં.

હાયવોયરે ક્યાંથી કાળજ તું આવ્યો;
છપ્પન્ને સપાટા બોલાવ્યોરે હાય.—વોયરે.
રાત દીવસ જંપે નહીં પ્રાણી, સુણો છપનના પાટાની એંધાણી;
ફળી પુર્વ તણી આતો વાણીરે હાય—વોયરે.
કોપ કારમોક આજ વરતાયો, કળકળતા તે બાયોને ભાયો;
બહુ દુઃખી દીસે છે ગાયોરે હાય.—વોયરે.
અન્ન મોંઘું દીસે છે જોતાં, કંઇક દુઃખીયાં દુઃખોમાં રોતાં;
કાંઈક ભુખોથી સોડ તાણી સુતારે હાય.—વોયરે.
મહા જુલમ છપ્પન માંહી જાગ્યો, તેમાં નવાણુંનો ધક્કા લાગ્યો;
સાત ગ્રહે મળીને કાંતો માગ્યોરે હાય—વોયરે.
સાત ગ્રહે મળી કામ કીધું, પાણી આચમન કરીને પીધું;
દુનીયામાં રેવા નવ દીધુંરે હાય—વોયરે.
ગરીબ લોકો ઉપાયો કરતા, કાષ્ટ લઇ બજારે ફરતા;
તેના દાણા પુરા નવ થાતારે હાય,—વોયરે.
ક્રુર થઇ દેવે દંડ દીધો, એકીહારે સંહાર આ કીધો;
વ્હાલા જીવોને છીનવી લીધોરે હાય.—વોયરે.
હાય આશા દેખાડી ખોટી, પ્રથમ તો રેલ ફેલાવી;
પછી નેવે આવ્યાં નહી પાણીરે હાય.—વોયરે.

ગુરૂગોવીંદના મહીનાનો—રાહ.

આવી છપ્પન કેરી સાલ, એકે નવ ભાળીરે;
ગઈ ત્રેપનની પણ જાણુ, આથી સવાઈરે.
કરી મેઘરાજાએ મેહેર, બાકી નવ રાખીરે;
થઇ ગઇતી લીલા લેહેર, આનંદ પ્રગટાઇરે.

વળી પંચાવનમાં સુખ, અન્ન ઘણું પાકયુંરે;
તે ઉપર દીધું આ દુઃખ, નવ જાયે સહ્યુંરે.
પ્રથમ નોતી જાણી કાંઈ વાત, વરસ તણી આવીરે.
બ્રાહ્મણોના ખોટા પડયા જોશ, વદું શું હું વાણીરે.

સોરઠો.

છપ્પન કેરી સાલ, નજરે નીહાળી જુઓ;
ગયો ઓગણોતરો કાળ, પણ આવો નોતો પડયો,

દશા આ શી થઇ મારી એ રાહ.

છપ્નની સાલ આવી ભારી (૨) થઇ ગઇ હાય ખુવારી;

સાખી.

છપ્પન કેરી સાલમાં, વરતાય કાળો કેર.
લુંટારા તો વધ્યા બહુ, વગડામાં લે વેર.
મારા મારી થાએ ભારી, કરે જીવોની ખુવારી— છપન.
સુખ સૌનું ઉડી ગયું, જગત તણું આ મુલ;
નાણા વીનાના નર સહુ, જગમાં ફાકે ધુળ.
દુઃખી દુનીયા બહુ ભારી, તેમાં કોઇની નથી કારી—છપન
નીર નદીનાં આ સમે, સુકાયાં સૌ ઠાર.
ગંગા સ્વર્ગે પધારતાં સાથે થયાં તૈયાર.
ગયું ધરતીનું ધનહારી, કરી છપનમાં ખુવારી— છપન.
ગૌ ગંગા સાથે વળી, જાવા થઇ છે તૈયાર.
રક્ષણ કરો સૌ તેહનું, સાવધ થઈ નરનાર.
દયા લાવીને મનમાંહી, ધાઓ ભાઇ ધાઓ-ભાઇ— છપન.

સોરઠો.

જમીંનપર ધીરે નહીં, શો કરવો ઉપાય;
બાળક હવે રડવડે, નીશ્ચે લીયે છે પ્રાણ.

કાચબા કાચબીના ભજનનો રાહ.

બ્રાહ્મણ—સુણો સહુ સમજુ શાણારે છપનના બોલ વંચાણા
બ્રાહ્મણોતો બહુ જોશ જોઇને વદતા ઠારોઠાર,
શનીશ્ચરનો વક્ર થયો જેથી વરસાદ થાશે અપાર, સુણો
તેહનો ગર્ભ ગળી ગયો, ત્યારે બોલ્યા ફરી વળી બોલ.
અનુરાધામાં અમૃત વૃષ્ટી, થાશે આલ્યો છે કોલ સુણો.
વળી અનુરાધા થઇને, બોલ ગયો તે વાર
તેહ બ્રાહ્મણો બંધ થઇ, બેશી રહ્યા નીરધાર. સુણો.

વાણીયો—વળી વાણીએતો વિચાર માંડયો, ભલ્લો આવ્યો છે દાવ
અન્ન પુરણાએ કોઇ કર્યો ત્યાં, ભારે ચડાવ્યો ભાવ સુણો.
માંહો માંહી વેપાર કરીને, ચડાવા થયા તૈયાર
પીઠ પલકમાં ચાર આના ચડી જાતા ન લાગેવાર સુણો.
ત્યારે વિચાર્યું માહા રાજાઓએ, સમજી પૂર્વનું સૂર.

કારખાના—કારખાનાના કામ કાઢી અન, આપે આવે જે મજુર સુણો.
ત્યારે વેપારીઓ ઠંડા પડી પીઠ, ચડાવતા રહ્યા બંધ
નહીંતર જુલમ અતીશે જામત, ખુબ મચાવત જંગ સુણો.

કણબી—કણબી કોદાળીઓ લઇ ચાલ્યા, કરવા ખેડુતું કામ;
વાડીઓ વિવેકથી બનાવી, કાઢવા છપનનું નામ. સુણો.

સતવારો—સતવારાતો સાથી થઇને, તાણેછે કોસ તમામ;
કાંઈક મજુરીથી પેટજ ભરતા, મનમાં લાવી હામ સુણો.

નાણાવાળો—નાણાવાળા નરમ નજરથી, જોતા કરેછે વિચાર
અર્ધ કીંમતે લઈ ઘરેણા, ધરમ કરવા તૈયાર. સુણો.

સોની—સોનીમાઝન તો સોનાની માંહી, અતીસે હતા ગરકાવ;
તેણે તો વટાવી વટાવી ખાવા, બેઠા બીજો નથી દાવ. સુણો

ઘડવાનો ઘાટ બંધ થયોને, સુકાઇ ગયો સહુ ઠાઠ;
ઉદાસ મનમાં રાત દીવસ તે, જોવાય હાટોહાટ. સુણો.
કંસારો—કંસાસના કામ બંધ થયા વળી, લેતું નથી કોઇઠામ
બદલો આપવા સામા આવે ત્યારે, મનની છોડે હામ સુણો.
પેંજારો—પીંજારાઓએ પોક મુકી, તાંતુ ટીંગાણી રહી;
પીંજાવનારા કોઈ ન આવે, કેમ જીવાશે ભાઇ. સુણો.
હજામ—હજામનીતો કોથળી ખાલી દોડે બજારો બજાર;
મુંડાવનારા થોડા મળે ત્યારે દુઃખ પામે છે અપાર. સુણો.
રજપુત—રજપુત રૂડી સમશેરો લઈ, રક્ષણ કરે દીનરાત;
ઘરે આવતા નબળી સ્થીતીએ, કરતા તે કકળાટ. સુણો.
સુતાર—સુતારનું સુખ સહુ ગયું વળી, કરતા કાષ્ટનું કામ;
દુકાળમાંહી કામ ન ચાલે, હારી ગયા તે હામ. સુણો.
લુવાર—લુવાર તો વળી કોડો ધખાવી, તાપેછે ઠારો ઠાર;
કામ જરાએ ચાલે નહીં ત્યારે, નીસાસા નાખે અપાર. સુણો
મોચી—મોચી મોજડીઓ શીવતાં કે છે, આના આવશે આઠ;
હમણાં ગરાગ આવતા દાણા લઇ, ખાશું જુવેછે વાટ સુણો
મોચણ—ગરાગતો ગામમાંથી ગયાને, રહી મોજડીયું ત્યાંય;
પોક મુકીને મોચણ કે છે, હવે શું ખાવું હાય. સુણો.
રંગરેજ—રંગરેચોએ રંગ રૂડા કરી, કપડા રંગાછે અપાર;
ગરાગીના ટુટા પડયા ભાઈ, સુજે ન કાંઈ આવાર. સુણો.
બાવો—બાવા બજારે બુમો પાડે, કોઈ ન આપે લોટ;
ઝોળીઓ કાંધે ઘાલીને તે તો, કાઢે ઠારે ઠાર દોટ. સુણો.
ખાલી ઝોળીઓ જોતાં તેને, ઉઠે છે મનમાં ત્રાસ;
હાય હવે આ દીન કેમ જાશે, બેઠા થઇને ઉદાસ. સુણો.
કાપડીયો—ખરીદ કરવા ખાંતેથી ગયો મનમાં રાખી હામ;
પેરનારા સૌ પોકું મુકે સુજે નહીં કાંઈ કામ. સુણો.

રાંકા—વસવા ન મળે ઝુંપડુને, પેરવા મળે ન કાંઈ
શું ખાવુંને કીયાં જાવું, મન સાથે પસ્તાઈ. **સુણો.**
કંદોઇ—પેંડા બરફી સુતરફેણી, ખાંતે કરૂં તૈયાર,
લેનારા કોઈ લેતા નથી, હું થયો ખુવાર. **સુણો.**
ભરવાડ—ખડ પાલા ને પાંદડા ખુટા, પશુનો આવ્યો કાળ;
લુંટારે જો લુટયા હોતતો, મહારાજા લેત સંભાળ. **સુણો.**
બુકસેલર—જાતજાતની સર્વે ચોપડીયું, રાખુ દુકાનની માંય;
જોવા આવે માણસો ઘણા; લેનારા મળે નહીં કોઈ. **સુણો.**
ગાંધી—ગંધીયાણામાં ઉધય પેઠી, મનમાં ગયો મુંઝાઇ;
દાણા લેવાને નાણા ન મળે, ખાંતે માંડે નહીં પાઈ. **સુણો.**
ધોબી—પાણી વીના પળ ન જીવું, ઉઘમ એનાથી થાય;
છપનીયેતો છેતરી માર્યા, દીવસ દોયલા જાય. **સુણો.**
દરજી—સોય દોરાને સંચો સરવે, રાખું ઘરની માંય,
પંચાવનની રળી કમાણી, આ કાળમાં વપરાય. **સુણો.**

સોરઠો.

રૂવે વર્ણ અઢાર, ધંધો કાંઇ ચાલે નહીં;
શું કરવું હવે કામ, ઉધાર કોઇ આલે નહીં.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો, નવાણુમાં નીરમળે નહીં કયાંઇ જો,
હાય અચાનક થયો આ કારમો, નીશદીન દુઃખીઆ કરતા ત્રાહી ત્રાહજો
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
વતવોણી વસુધાતે તો સર્વે થઈ, ગઈ તેહની સર્વે સુધને શાનજો.
બેભાન થઇને કંઈક ભમે છે બાવરા, ગાભરા થયા સર્વે મુકી માનજો;
સંદેશો છપનીયાનો કોણે મોકલ્યે.

દેશ વીદેશ જાતા ભય ભારી વળી, કળીનો તેમાં પ્રવેશ છે આ વારજો
દુખ માંહી દુખ ગ્રહોનું ઉલટયું સુલટું કયાંઇએ દીસે નહીં તલભારજો
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
માણસ માથે થાવામાં બાકી નથી, કઇક રડવડે રાંકા અવની મોઝારજો,
ભુખે મરતા ભુતળ માંહી તે પડયા, રડયા કરે છે દીવસને વળી રાતજો.
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
કાળ દુકાળો શ્રષ્ટીમાંહી થાયછે, જાયછે ચાલી જોતા ન લાગે વારજો.
આ છપનીઆથી દુખ દુનીઆ દેખતા, કેમ જશે આ કાળ કરે વિચારજો
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
મુડદાં ઢોરોના વગડામાંહી પડયાં, જોતાં જોતાં ભુમી દીસે ભયંકરજો,
અરેરાટ અવનીમાં અદભુત ઉપન્યો, નખોદીઆ નવાણુનો બહુ મારજો;
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.

રાગ સૈયર દુખ શું દાખવું.

કાળે તે કેર શું માંડીઓ, રહેતી નથી ધીર;
સાહાય કરોને ઇશ્વિરા, વાલા આવીને વીર. કાળે.
દેવ ગયા દાનવ ગયા, ગયા ક્રશ્ન મોરાર;
જગત બધું કળયુગ છે, વ્યાપો બહુ વ્યભીચાર. કાળે.
ધર્મ ગયાં અનરથ થયાં, થાય પાપ અપાર,
શ્રાપ સર્વને લગીયા, થયા નર્કાધીકાર. કાળે.

સમાપ્ત.